**Capital World Pg 5, 12th March 2022**

# અમેરિકાનો ફુગાવો ૪૦ વર્ષની ટોચે પહોંચતા બિટકોઈનમાં બે તરફી વધઘટ

**કેપિટલ સંવાદદાતા તા.૧૧**

રશિયા અને યુક્રેન વચ્ચેની લડાઈને લીધે સમગ્ર વિશ્વમાં પુરવઠાતંત્ર પર વિપરીત અસર થઈ છે. એવામાં અમેરિકામાં ફુગાવો વધવાને પગલે સ્ટેગફ્લેશનની સ્થિતિ આવી જવાની આશંકા છે. એક બાજુ ફુગાવાનો તથા બેરોજગારીનો ઉંચો દર અને બીજી બાજુ આર્થિક વૃદ્ધિની મંદ ગતિ એ બન્ને સ્થિતિ ભેગી થાય ત્યારે સ્ટેગફ્લેશન કહેવાય છે. આ સ્થિતિમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે એવી સંભાવનાને પગલે ક્રીપ્ટોકરન્સીમાં અનિશ્ચિતતાભરી સ્થિતિ છે.

આગામી મહિનાઓમાં વૈશ્વિક સ્તરે તથા અમેરિકામાં ફુગાવો વધવાની રોકાણકારોને ભીતિ છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે ફેડરલ રિઝર્વ આ વર્ષે લગભગ છ વખત વ્યાજદરમાં વધારો કરશે.

પ્રાપ્ત માહિતી મુજબ, રોકાણકારોએ અમેરિકાના ફુગાવાના આંકડા જાહેર થવા પહેલાં ૧૪૦ મિલ્યન ડોલરની લોંગ પોઝિશન લિક્વિડેટ કરી છે. તેમાંથી લગભગ ૫૦ ટકા પોઝિશન બિટકોઈનમાં હતી.

પાછલા ચોવીસ કલાકમાં બિટકોઈન ૩૯,૧૦૦ની નજીક રહ્યો છે. ઈથેરિયમ પણ ૨,૬૦૦ની આસપાસ ચાલી રહ્યો છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૧૯ટકા (૫૪ પોઈન્ટ) ઘટીને ૫૬,૪૪૦ પોઈન્ટ બંધ રહ્યો હતો